શ્રી ગણેશાય નમઃ

# પૂજ્ય સંત શ્રી રોહિદાસની જય

॥ પંચ ત્યાં પરમેશ્વર ॥

પ્રભુજી તુમ ચંદન હમ પાની
જાકી અંગ અંગ બાસ સમાની



# બંધારણ

**જન્મ દિન : મહા સુદ પુનમ, સંવત : ૧૪૩૩**
**નિર્વાણ દિન : વૈશાખ સુદ ચોથ, સંવત : ૧૫૮૪**

સવંત ૨૦૭૪ ના કારતક સુદ-૦૬ (પાંચમ) ને રવિવાર તા. ૦૯-૧૧-૨૦૧૭ ના રોજ બાવનગોળ રોહિત સમાજ પરગણાના રોહિત પંચે સિધ્ધપુર મુકામે સમાજવાડીમાં મળીને બંધારણમાં સુધારા વધારા કરી સમાજમાં વંચાણે લઈ સર્વ સંમતિથી બહાલી આપેલ છે.

સંવત ૨૦૭૪ ના કારતક સુદ-૦૬ (છઠ) ને ગુરૂવાર તા. ૦૯-૧૧-૨૦૧૭ ના રોજ બાવનગોળ રોહિત સમાજ પરગણાના રોહિત પંચે સિધ્ધપુર મુકામે બાવનગોળ રોહિત સમાજવાડીમાં મળીને બાવનગોળ રોહિત સમાજના બંધારણમાં સુધારા વધારા કરી સમાજમાં વંચાણે લઈ સર્વ સંમતિથી બહાલી આપેલ છે.

**વિભાગ નં. - ૧**

## સગપણ વિભાગ

**ઠરાવ નં. - ૧**

દીકરી અથવા દીકરાની સગાઈ કરતી વખતે દીકરી પક્ષ તરફથી રૂા. ૧-૨૫ પૈસા (સવા રૂપિયો) તથા કોપરાની કાચલી ગોળ અથવા સાકરથી ભરીને વર પક્ષ તરફ મોકલવી. તેવી જ રીતે વરપક્ષ તરફથી કોપરાની કાચલી ગોળ અથવા સાકરથી ભરીને કન્યાપક્ષ તરફ મોકલવાની રહેશે. ઉપરોક્ત વહેવાર સિવાય કોઈપણ વહેવાર કરવો નહિ.

ઉપરોકત ઠરાવ નં. ૦૧ (એક) નો ભંગ કરવામાં આવશે તો તે સમાજનો ગુનેગાર ગણાશે. અને ઉપરોક્ત ગુનો કરનાર વ્યકિતએ સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન) પુરા આપવાનો રહેશે.

**ઠરાવ નં. - ૦૨ (૦૧)**

(૧) સામ સામા સગપણ (સાટા પધ્ધતિ) કરવાની છૂટ છે.

**ઠરાવ નં. - ૦૨ (૦૨)**

સગપણ કર્યા પછી પાછળથી કોઈપણ પ્રકારનું  સગુ કાઢી અથવા અનિવાર્ય કારણોસર સગપણ (સગાઈ) તોડવામાં આવશે તો બન્ને પક્ષોએ (કન્યા પક્ષ/વર પક્ષ) પોતાના ગામના રોહીત પંચને અને સમાજના બે વ્યકિતઓને જાણ કરવાની રહેશે. તેમજ સગપણ (સગાઈ) તોડવા બદલ બંને પક્ષોએ  (કન્યા પક્ષ/વર પક્ષે) સમાજને સમાજ વિકાસ ફાળા પેટે  રૂા. ૧૫૫૨/- (રૂપિયા એક હજાર પાંચસો બાવન) પુરા આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૦૨ (૦૩)**

સગપણ કર્યા પછી વેવાઈ વટ કરવા માટે બન્ને પક્ષોએ જવું. વેવાઈ વટ કરવા માટે સગા વેવાઈ સાથે ૬ (છ) માણસોએ જવું. વેવાઈવટ કરવા સવારે જવું અને સાંજે પરત ફરવાનું રાખવું. કન્યા પક્ષ તરફથી સગા વેવાઈને રૂા. ૨૫/- અંકે રૂપિયા પચીસ અને બાકીના પાંચને વ્યકિતગત રૂા. ૧૦/- (દશ)  મુજબ વહેવાર કરવો.

**❋ બધી જ મહાન ભૂલોના પાયામાં અહંકાર હોય છે.**

ઉપરોક્ત ઠરાવ નં. ૦૨ (બે) નો ભંગ કરવામાં આવશે તો બંને પક્ષોએ (કન્યા પક્ષ/વર પક્ષે) સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (રૂપિયા એક હજાર પાંચસો બાવન) પુરા આપવાના રહેશે.

**વિભાગ નં. - ૨**

## લગન સંબંધી વિભાગ

**ઠરાવ નં. - ૦૩ (૦૧)**

સગપણ કર્યા પછી વેવાઈવટ કરવા ગયા હોય ત્યારે બન્ને પક્ષોએ (વર-કન્યા પક્ષ) સાથે મળી લગ્ન માટેનું મુહુર્ત જોવડાવવું. કન્યા પક્ષ તરફથી લગ્નના આવેલ મુહુર્ત મુજબ લગ્ન વધાવવા માટે ૦૫ (પાંચ) માણસોએ જવું. લગ્નની વિધિના વહેવારમાં રૂા. ૦૧/- (એક) ચાંલ્લાનો તથા રૂા. ૧૦/- (રૂપિયા દશ) લગ્ન પેટે કુલ મળી રૂા. ૧૧/- (અંકે રૂપિયા અગિયાર) કન્યા પક્ષ તરફથી વર પક્ષને આપવા તે સિવાય અન્ય કોઈ વહેવાર કરવો નહિ. ઉપરોક્ત ઠરાવ નં. ૦૩ (૦૧)નો ભંગ કરવામાં આવશે તો બન્ને પક્ષોએ (વર/કન્યા પક્ષ) સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન) પુરા આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૦૩ (૦૨)**

લગ્નના જમણમાં પ્રસંગને અનુરૂપ (બપોરનું એક જ ટાઈમ) ભોજન આપવાનું રહેશે. કન્યા પક્ષે, વર પક્ષને સાથે રાખી વિવાહનું મુહુર્ત જોવડાવવાનું રાખવું. લગ્ન વધાવ્યા પછી મોડામાં મોડુ વિવાહનું મુહુર્ત ૦૮ (આઠ) દિવસનું કઢાવવું. લગ્નને ગલાલ આપવો. વ્યસન સદંતર બંધ છે. ઉપર બતાવ્યા સિવાયનો કોઈપણ વહેવાર કરવો નહિ.

ઉપરોક્ત ઠરાવ નં. ૦૩ (૦૨) નો ભંગ કરનારે સમાજમાં સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન) પુરા આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૪ (૦૧)**

વર પક્ષે ગણપતિની છબી આગળ ઘીનો દીવો કરવો. વરને પીઠી કરી ગણપતિની છબી આગળ લાવી કપડાં પહેરાવવાં. જાન વર પક્ષે લઈ સવારે વિવાહના મુહુર્તના સમય મુજબ સમયસર જવાનું રાખવું. જાનમાં મુરતિયા સાથે કુલ ૫૨ (બાવન) પુરા જાનૈયાઓને લઈને જવું. કન્યા પક્ષે જાનને તમામ વિધિ વહેવારો પુર્ણ કરી તેજ દિવસે સમયસર વિદાય આપવાનું રાખવું. કોઈ અનિવાર્ય કારણોસર જાન લઈને જવાનું મોડું થાય તો તાત્કાલિક કન્યા પક્ષને જાણ કરવાની રહેશે. વિવાહ પ્રસંગે વર/કન્યાએ

પ્રસંગને અનુરૂપ શોભતાં કપડાં પહેરવાનાં રહેશે.

ઉપરોક્ત ઠરાવ નં. ૦૪ (૦૧)નો ભંગ કરનારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૪ (૦૨)**

જાનમાં વર પક્ષે જાનડીઓ (બહેનો-દિકરીઓ) લઈને જવાનું સદંતર બંધ કરવામાં આવે છે. તેમ છતાં જાનડીઓ (બહેન-દિકરીઓ) ને જાનમાં લઈજવામાં આવશે તો વર પક્ષે ઠરાવ નં. ૦૪ (૦૨) ના ભંગ કર્યા બદલ સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૪ (૦૩)**

જાન લેવા માટે વરઘડ મોકલવો નહિ. વર-કન્યા પક્ષે પોત પોતાના ગામમાં વાજીંત્રો વગાડવાની છુટ રાખવામાં આવે છે. જાનમાં વાજિંત્રો સાથે લઈ જઈ કન્યા પક્ષના ગામે વાજિંત્રો વગાડવાનું સદંતર બંધ કરવામાં આવે છે. બાવનગોળ સિવાય અન્ય ગોળની જાનમાં વાજિંત્રો લાવી કન્યા પક્ષના ગામે વાજિંત્રો વગાડવામાં આવશે તો કન્યા પક્ષ ગુનેગાર ગણાશે.

ઉપરોક્ત ઠરાવ નં. ૦૪ ની પેટા કલમ ૦૩ (ત્રણ) નો ભંગ કરનારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૫૫૨/- (અંકે રૂપિયા પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૦૫ (૦૧)**

કન્યા પક્ષે આવતી જાને ઝાંપે ગળ્યું પાણી આપવું નહિ. વરને ઝાંપા તોરણે વધાવવો. કન્યા પક્ષે જાનને ઝાંપે રામ રામ કરી વર સાથે માંડવે લઈ જવી. વરને જુદો ઉતારો આપવો નહિ. કન્યા પક્ષે ગણપતિની છબી આગળ ઘીનો દીવો કરી કન્યાને પીઠી કરી ગણપતિની છબી સમક્ષ લાવી પ્રસંગને અનુરૂપ શોભતાં કપડાં પહેરાવવાં. અને મુહુર્ત મુજબ વર-કન્યાને ચોરીમાં લાવવા. (ચોરી કરવાની છૂટ છે.) ચોરીમાં વર-કન્યા બન્નેને શોભતી ખુરશી ઉપર બેસાડવાં. ત્યારબાદ છેડા છેડી બાંધી કુટુંબ/સગા સબંધીઓએ અગ્નિદેવની સાક્ષીએ હસ્તમેળાપ કરાવવો. (લગ્ન વિધિમાં વર-કન્યા પરસ્પર ફુલહાર કરી શકશે) ત્યારબાદ ફેરા આપવા. લગ્ન વિધિ પૂર્ણ થયેથી કન્યાને પોતાના ઘરમાં લઈ જવી. વરને માંડવે લઈ જવો.

**ઠરાવ નં. - ૦૫ (૦૨)**

વિવાહમાં પ્રસંગને અનુરૂપ યથાશક્તિ ભોજન આપવું.

ઉપરોક્ત ઠરાવ નં. ૫ (પાંચ) ની પેટા કલમ (૧) અને (૨) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૫૫૫૨/- (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૦૬**

જમ્યા બાદ વહેવાર કરવા માટે એક જ વખત બેસવાનું રાખવું. જાન પક્ષેથી દાપાની રકમ પેટે રૂા. ૭૫૫૨/- (અંકે રૂપિયા સાત હજાર પાંચસો બાવન પુરા) ભરવાનું રાખવું માયરામાં મામેરૂ, સગા સંબંધીઓ તેમજ કન્યા પક્ષ તરફથી વળતર સંબંધી તમામ વહેવાર પુણ કરવાના રહેશે.

ઉપરોક્ત ઠરાવ નં. ૬ (છ) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૦૭**

દાપુ પાછું આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે. કન્યાના પિતા દાપુ પાછું આપશે તો અને વરના પિતાશ્રી દાપું પાછું સ્વીકારશે તો બાવનગોળ રોહિત સમાજના બન્ને પક્ષ સમાજના ગુનેગાર ગણાશે.

ઉપરોક્ત ઠરાવ નં.-૭ (સાત) નો ભંગ કરનાર બન્ને પક્ષે સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૧૫૫૨/- (અંકે રૂપિયા અગિયાર હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૮**

માંડવેથી કન્યા પક્ષે વળતરમાં ૧૦૦ (સો) ગ્રામ ચાંદીની પાયલ (છડા) એક આની વજનનો સોનાનો રવો (ચુની), મુરતીયાં કચકડાનાં, ત્રાંબા કે પિત્તળનું ચાર (૦૪) કિલો વજનનું બેડુ તથા રમણ દીવા, કન્યાને માંડીયો અને બાજવટ આપવાનો રહેશે.

વળતર આપતાં શરૂઆતમાં વેવાઈને રૂા. ૨૫/- પાઘડીના જમાઈને રૂા. ૨૫/- વાળીના તથા મુરતિયાને રૂા. ૧૦/- ખભા ઢાંકણાના આપવાના રહેશે. કન્યા પક્ષે જાન પક્ષના ગામે સગા બેન, દીકરી કે ફોઈને નુતરૂ (કંકોત્રી) આપી શકાશે અને આવા આપેલા નુતરા (કંકોત્રી) નો વહેવાર વળતર આપતી વખતે કરવાનો રહેશે.

ઉપરોક્ત ઠરાવ નં. ૦૮ (આઠ) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે ગુન્હો કરવા બદલ સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૯ (૦૧)**

બીજવર અથવા છુટાછેડાવાળાને કુંવારી કન્યા આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે.

ઉપરોક્ત ઠરાવ નં. ૯ (૦૧) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૫૫૫૨/- (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો

બાવન પુરા) આપવાના રહેશે.

નોંધ :- વિકલાંગ વ્યકિતના કિસ્સામાં ઉપરોક્ત ઠરાવમાં છુટછાટ આપવામાં આવે છે.

**ઠરાવ નં. - ૯ (૦૨)**

બીજવર અથવા છુટાછેડાવાળા સાથે કુંવારી કન્યાનું સગપણ કરાવનાર જો બાવનગોળનો હશે તો ઉપરોક્ત ઠરાવ નં. ૯ (૦૨) ના ભંગ કર્યા બદલ તેણે સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

અગર સગપણ કરાવનાર બાવનગોળ સિવાય અન્ય ગોળનો હશે તો કન્યાના પિતાશ્રીએ ઉપરોક્ત ઠરાવ નં. ૯ (૦૨) ના ભંગ કર્યા બદલ સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૧૦ (૦૧)**

સગાઈ મેળવણીયાને બન્ને પક્ષ (વર-કન્યા) તરફથી રૂા. ૨૫/- રૂા. ૨૫/- (પચીસ પચીસ) આપવાનું રાખવું.

અણવર મોકલવાનું રાખવું. ભેટમાં વાસણો આપવાના કે લેવાના સદંતર બંધ કરવામાં આવે છે. રોકડમાં ચાંલ્લો આપવાની-લેવાની છુટ છે.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૦ (૦૧) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૧૦ (૦૨)**

વર પક્ષે જાન પરત આવ્યા બાદ ઝાંપા તોરણે વર કન્યાને વધાવવા. કન્યાને હાથમાં ચોખા અથવા ફુલ આપી વધાવતાં વધાવતાં ઘરમાં લઈ જઈ. આંજણા વખતે રૂપિયો (વીંટીઓ) રમાડવાનું બંધ કરવામાં આવે છે. વર સાથે ગણપતિની છબી અથવા ઈષ્ટદેવની છબી આગળ છેડા છોડી, ગણપતિ/ઈષ્ટદેવને પગે લાગી વડીલોને પગે લાગી આશીર્વાદ લેવાનું રાખવું.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૦ (દશ) (૦૨) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

> શાંતિથી ક્રોધનો નાશ કરો, નમ્રતાથી અભિમાનને જીતો, સરળતાથી માયાનો નાશ કરો અને સંતોષથી લોભને કાબુમાં રાખો.

## વિભાગ નં. - ૩

# મામેરા - મોસાળા સંબંધી વિભાગ

**ઠરાવ નં. - ૧૧**

ઝાંપે મામેરૂ વધાવવાની છુટ છે. ઝાંપે મામેરૂ વધાવતાં ભાઈએ બહેનને યથાશક્તિ આપવાની છુટ છે.

માયરામાં મામેરૂં/મોસાળુ ભરતી વખતે દાપા પેટેના રૂા. ૭૫૫૨/- અંકે રૂપિયા સાત હજાર પાંચસો બાવન અથવા ૫૨/- (અંકે રૂપિયા બાવન) પુરા આપવા. દાપા સિવાય મામેરામાં મોસાળ પક્ષે પોતાની યથાશક્તિ ગમે તેટલું આપવાની છુટ છે. મોસાળ પક્ષે વેવાઈને પાઘડીના રૂા. ૨૫/- (પચ્ચીસ), જમાઈને વાળીના રૂા. ૨૫/- (પચ્ચીસ) અને ભાણેજ જમાઈને ખભા ઢાંકણાના રૂા. ૧૦/- (દશ) આપવા.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૧ નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૧૨ (૦૧)**

પરણેતરનું આણું સાત (૦૭) દિવસથી વધારે રાખવું નહિ. આવેલ અણવરને પેન્ટપીસ આપવું. વળતું આણું મુકવા સગા વેવાઈ સાથે ૫ (પાંચ) માણસોએ જવું. આણું મુકવા આવનાર સગા વેવાઈને રૂા. ૨૫/- (પચીસ) પાઘડીના અને બાકીના દરેકને વ્યક્તિગત રૂા. ૧૦/- (દશ રૂપિયા) મુજબ આપવા.

**ઠરાવ નં. - ૧૨ (૦૨)**

દીકરીના આણા વખતે આણાવટ લેવાની સદંતર બંધ કરવામાં આવે છે. આણું તેડવા સગા વેવાઈ સાથે ૦૫ (પાંચ) માણસોએ જવું. વહેવારમાં સગા વેવાઈને રૂા. ૨૫/- (રૂપીયા પચીસ) અને બાકીના તમામને વ્યક્તિગત રૂા. ૧૦/- (દશ રૂપિયા) મુજબ આપવા.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૨ (૦૧) અને ૧૨ (૦૨) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૧૩**

દિકરીના સીમંત પ્રસંગે દિકરીને પ્રસંગને અનુરૂપ એક જોડી કપડાં (ચંપલ સાથે), સવા શેર ચોખા, સાત પડીકાં અને શ્રીફળ નંગ-૧ લઈને ભાઈએ જવું. સીમંતની વિધિ પૂણ થયે વહેવારમાં સગા વેવાઈને રૂા. ૨૫/- (રૂપીયા પચીસ) અને જમાઈને વાળીના રૂા. ૨૫/- (રૂપીયા પચીસ) પાઘડીના અને જોડી કપડાં, પગ પીળનાર નણંદને જોડી કપડાં અને પોતાની યથાશકિત હોય તો દાગીનો આપવાની છુટ છે. સીમંત વિધિ માટે આવનાર ભાઈને પેન્ટપીસ આપવું.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૩ નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૧૪**

બાળક જન્મની વધામણી આપવા આવનારને પેન્ટપીસ આપવું.

**ઠરાવ નં. - ૧૫**

બાળકને રમાડવા માટે વર પક્ષેથી સગી વેવાણ સાથે કુલ ૦૫ (પાંચ) બૈરાઆએ જવું. કન્યા પક્ષેથી તમામને ઓઢામણા પેટે સાડી આપવાની છુટ છે. અથવા સગી વેવાણને રૂા. ૨૫/- અને બાકીના તમામને રૂા. ૧૦/- (દશ રૂપિયા) મુજબ આપવાનું રાખવું.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૫ નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૧૬**

જીયારાનું આણું તેડવા, સગા વેવાઈ અને જમાઈ સાથે કુલ ૦૭ (સાત) માણસોએ જવું. આણાવટ આપવી/લેવી નહિ. કન્યા પક્ષેથી સગા વેવાઈને રૂા. ૨૫/- (પચ્ચીસ), જમાઈને રૂા. ૨૫/- (પચ્ચીસ) વાળીના અને સાથે આવનાર તમામને રૂા. ૧૦/- (દશ) મુજબ દરેકને આપવા. કન્યાના પિતાશ્રીએ જીયારામાં પોતાની દિકરી/જમાઈ/ભાણી કે ભાણીયાને પોતાની યથા શકિત આપવાની છુટ છે.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૬ નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૧૭**

પુન:લગ્ન (સાજનાનું આણું) તેડવા જતી વખતે સગા વેવાઈ સાથે ૧૦ (દશ) માણસોએ તેડવા જવું. સવારે જવું અને સાંજે પરત આવવું.

હાંસડી ચડાવતી વખતે રૂા. ૫૨/- (રૂપિયા બાવન) આપવાના રાખવા. દાપુ ભરવાના સમયે રૂા. ૫૫૫૨/- અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો બાવન દાપા પેટે આપતી વખતે હાંસડી ચડાવતાં આપેલ રૂા. ૫૨/- (રૂપિયા બાવન) મજરે લેવાનું રાખવું.

૧. મુરતીયા પક્ષ તરફથી ૧૦૦ ગ્રામ ચાંદીની પાયલ (છડા), એક આની વજનનો સોનાનો રવો (ચુની), કચકડાનાં મુરતીયાં, પ્રસંગને શોભે તેવાં કન્યા માટે એક જોડી કપડાં (ચપ્પલ સાથે) લઈ જવા.

૨. પ્રસંગને અનુરૂપ બપોરનું ભોજન આપવું. વળતરમાં કન્યા પક્ષ તરફથી સગા વેવાઈને રૂા. ૨૫/- પાઘડીના, જમાઈને રૂા. ૨૫/- (પચીસ રૂપિયા) વાળીના અને સાથે આવનાર દરેકને વ્યકિત દીઠ રૂા. ૧૦/- (દશ રૂપિયા) મુજબ આપવાના રહેશે. જમાઈને પેન્ટપીસ અથવા એક જોડી કપડાં આપી શકાશે. ત્રાંબા અથવા પિત્તળનું ૦૪ (ચાર) કિલો વજનનું બેડું આપવું. વ્યસન સદંતર બંધ છે.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૫ નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

# વિભાગ- ૪

## મરણ પ્રસંગ સંબંધી વિભાગ

**ઠરાવ નં. - ૧૮ (૦૧)**

શબને મુકિતધામમાં (સિધ્ધપુર) લઈ જવાની છુટ છે. પરંતુ મુકિતધામમાં જમણવાર આપવો સદંતર બંધ છે. ઉપરોક્ત ઠરાવ નં. ૧૮ (૦૧) નો ભંગ કરનાર પાસેથી સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૫૫૫૨/- (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો બાવન પુરા) લેવામાં આવશે.

**ઠરાવ નં. - ૧૮ (૦૨)**

મરણ બાદ લોકાચાર માટે એકજ દિવસ નકકી કરવો. અને સગા સંબંધીઓને જાણ કરવાનું રાખવું. આપણા બાવન ગોળ અને અન્ય તમામ ગોળના સગા સંબંધીઓએ

એક જ દિવસ લોકાચારના દિવસે જ લોકાચારે (બેસણામાં) આવવાનું રાખવું. જમણમાં દાળ ભાત આપવા.. મિષ્ઠાન સદંતર બંધ છે. લોકાચાર રૂપિયા ૧૦/- (રૂપિયા દશ) આપવો. પિયર પક્ષે લોકાચાર પોતાની યથાશક્તિ આપવાની છુટ છે.

શોક ઉઠાડવા માટે દિવસ નક્કી કરી સગા સબંધીને સમયસર જાણ કરવાનું રાખવું. શોકની સાડી પેટે રૂા. ૧૦૦/- (સો રૂપિયા) આપવા જમાઈ સાથે આવેલ હોય તો રૂા. ૫૦/- (પચાસ રૂપિયા) ભાણી કે ભાણેજ સાથે હોય તો રૂા. ૧૦/- (દશ રૂપિયા) આપવા.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૮ (૦૨) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૧૮ (૦૩)**

દિકરી વિધવા થાય ત્યારે લોકાચારના રૂા. ૧૦/- (દશ) અને પોથના રૂા. ૨૫૨/- (બસોને બાવન) પુરા આપવાના રહેશે.

ઉપરોક્ત ઠરાવ નં. ૧૮ (૦૩) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૧૯**

બાવનગોળ સમાજમાં નાત કરવી સદંતર બંધ છે. નાતનું નુતરૂ કોઈ કાઢશે તો
ઠરાવ નં. ૧૯ ના ભંગ બદલ આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા.
૧૧૫૫૨/- (અંકે રૂપિયા અગિયાર હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

કોઈ ગામ કે વ્યકિત નાતમાં જશે તો તેવા ગામ કે વ્યકિતએ ઠરાવ નં. ૧૯ ના ભંગ બદલ સમાજને સમાજ વિકાસ ફાળા પેટે વ્યકિતગત રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

- લગ્ન પહેલાં તમારી આંખ અડધી ઉઘાડી રાખજો, લગ્ન પછી અડધી બંધ રાખજો.
- મોટામાં મોટી વાત લગ્ન જીવનમાં વારસો ઉમેરવાની નહીં.
- તમે યુધ્ધને મોરચે જાઓ ત્યારે એક વાર, દરિયાઈ સફરે ઉપડો ત્યારે બે વાર અને લગ્ન કરવા ઉપડો ત્યારે ત્રણ ત્રણ વાર પ્રાર્થના અચૂક કરજો.
- પિતાના અધૂરા ધ્યેયને પૂરૂં કરે તે સંતાન.

# છુટા છેડા (ફારગતી) સંબંધી

**ઠરાવ નં. - ૨૦ (૧)**

કન્યા મુરતીયાને ના ગમતી હોય તો કન્યા પક્ષને રૂા. ૭૫૫૨/- (સાત હજાર પાંચસો બાવન) આપવા. કન્યા પક્ષે મુરતીયા પક્ષને ૧૦૦ ગ્રામ ચાંદીની પાયલ (છડા) અને સોનાનો એક આનીભાર રવો (ચુની) પાછો આપવાનો રહેશે.

મુરતીયો કન્યાને ના ગમતો હોય તો કન્યા પક્ષે મુરતીયા પક્ષને રૂા. ૭૫૫૨/- (અંકે રૂપિયા સાત હજાર પાંચસો બાવન) પુરા આપવાના રહેશે.

ઉપરોક્ત ઠરાવ નં. ૨૦ (૦૧) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૧૫૫૨/- (અંકે રૂપિયા અગિયાર હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૨૦ (૨)**

પુનઃ લગ્નના કિસ્સામાં અનિવાર્ય કારણોસર વર/કન્યા પક્ષે અણબનાવ થાય અથવા કન્યાને મુરતીયો ના ગમતો હોય તો કન્યા પક્ષે વર પક્ષને દાપાના રૂા. ૫૫૫૨/- તેમજ સમાજના ઠરાવ મુજબના દાગીના પરત કરવાના રહેશે. પરંતું વરને કન્યા ના ગમતી હોય અને છુટા છેડા થાય તો વર પક્ષ દાપા કે દાગીનાનો હક્કદાર રહેશે નહિ.

ઉપરોક્ત ઠરાવ નં. ૨૦ (૦૧) નો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૧૫૫૨/- (અંકે રૂપિયા અગિયાર હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૨૧ (૦૧)**

બાવન પરગણામાં વર/કન્યા પક્ષે અણબનાવ થાય તો વસ્તીના ભાઈઓ સાથે બાવનગોળ સમાજમાં બન્ને પક્ષે રજુઆત જાતે જ કરવાનું રાખવું. પુરતા પ્રયત્નો સમાજ દ્વારા કરવા છતાં કોઈ સમાધાન ના થાય તો બાવનગોળ સમાજે બન્ને પક્ષોને કોર્ટમાં જવાની છૂટ આપવી. બાવનગોળ સમાજને પુછયા સિવાય કોઈ પક્ષ કોર્ટમાં જશે તો તે સમાજનો ગુનેગાર ગણાશે. અને સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૫૫૫૨/- (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૨૧ (૦૨)**

બાવનગોળ પરગણા સિવાય અન્ય કોઈપણ ગોળ (પરગણા) માંમાં વર-કન્યા પક્ષે અણગમો થાય તો સમાજને પુછીને કોર્ટમાં જવાની છુટ છે. સમાજને પુછયા સિવાય

કોર્ટમાં જનાર ઠરાવ નં. ૨૧(૨) ના ભંગ કરવા બદલ સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગાર પાસેથી સમાજમાં સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૫૫૫૨/- (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૨૨**

છુટા છેડા સમયે પોતાના ગામના વસ્તી પંચને સાથે રાખી છુટા છેડા (ફારગતી) કરવાની રહેશે. કોઈને પણ સાથે રાખ્યા સિવાય છુટા છેડા (ફારગતી) કરનાર ઠરાવ નં. ૨૨ ના ભંગ બદલ ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૨૫૫૨/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૨૩**

ઉભા આદમીની કન્યા લઈ જનાર સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૨૫૫૫૨/- (અંકે રૂપિયા પચીસ હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે. અને દાપા પેટે રૂા. ૭૫૫૨/- (અંકે રૂપિયા સાત હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

જો કન્યા સાસરી પક્ષેથી જાય તો વર પક્ષ દાપાનો હક્કદાર રહેશે નહી.

**ઠરાવ નં. - ૨૪**

દીકરી કે દીકરાની ફારગતી (છુટા છેડા) થાય અને એક અથવા બન્ને પક્ષ બાવનગોળ રોહિત સમાજના સભ્ય હોય તો બન્ને પક્ષોએ ઉપરોક્ત ફારગતીના ગુનાહ બદલ રૂા. ૨૫૫૨/- (અંકે રૂપિયા બે હજાર પાંચસોને બાવન પુરા) સમાજ વિકાસ ફાળા પેટે આપવાના રહેશે.

* નિષ્ઠાપૂર્વક કામ કરો નામ તમારી પાછળ દોડતું આવશે.
* ગુસ્સો નિર્બળતાની નિશાની છે.
* નીચું જોવું પડે તેવું એક પણ કામ કરશો નહિ.
* કુદરતનાં અફર નિયમોને લીધે જ સૌ કોઈના શ્વાસ ધબકે છે માટે કુદરતને આધિન રહો.
* ચપળતા, ચતુરાઈ અને ચોકસાઈ એ વિજય માટે તોપ સમાન છે.
* પહેલેથી જ સજાગ અને સાવધ રહો. જે જાગૃત નથી તે પાછળથી પસ્તાશે.
* મનુષ્યની શાંતિની કસોટી તો સમાજમાં જ થાય છે. શિખરની ટોચ ઉપર નહિ.

કેટલાક ઉંઘે છે સપનાઓ જોવા માટે, કેટલાક જાગે છે એ સપનાઓને હકીકત બનાવવા માટે.

## વિભાગ નં. - ૦૬

# અન્ય ઠરાવ વિભાગ

**ઠરાવ નં. - ૨૫**

બાવનગોળ સમાજના રોહિત પંચે બંધારણમાં કરેલ સુધારા વધારા પૈકીનો કોઈપણ પ્રકારનો ગુનો કરેલ હશે તો તેવા ગુના માટેનો સમાજ વિકાસ ફાળો દર વર્ષે કારતક વદ-૫ (પાંચમ) અને કારતક વદ-૦૬ (છઠ) ના દિવસે લેવામાં આવશે. કારતક વદ-૦૬ (છઠ) એટલે કે બીજા દિવસે સાંજના ૫-૦૦ વાગ્યા સુધી અથવા બાવનગોળ સમાજની બેઠક વિસર્જન થાય ત્યાં સુધીમાં સમાજ વિકાસ ફાળાની રકમ ભરપાઈ કરવાની રહેશે. ઉપર મુજબની સમય મર્યાદામાં ગુના પેટેનો સમાજ વિકાસ ફાળો આપવામાં કોઈપણ ગુનેગાર ચૂક કરશે તો આવતા વર્ષે કારતક વદ-૫ (પાંચમ) ના દિવસે તેવા ગુન્હાનો સમાજ વિકાસ ફાળો ડબલ કરીને આપવાનો રહેશે. પ્રથમ વર્ષે સીંગલ અને દર વર્ષે ગુન્હાની રકમ ઉમેરીને સમાજ વિકાસ ફાળો આપવાનો રહેશે.

ઉપરોક્ત ઠરાવ નં. ૨૫ નો ભંગ કરનાર બાવનગોળ રોહિત સમાજના સભ્યપદેથી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

બાવનગોળ રોહિત સમાજનો કોઈપણ ગુનેગાર બંધારણ મુજબ થતો ગુન્હો કબુલ ના કરે અથવા ગુન્હા પેટે સમાજ વિકાસ ફાળાની નક્કી કરેલ રકમ આપવા અવગણના (કબુલ ના કરે અથવા આપે નહિ) તો આવા વ્યકિત કે ગામનું બાવનગોળ રોહિત સમાજમાંથી તેનું સભ્યપદ આપો આપ રદ થયેલ ગણાશે.

**ઠરાવ નં. - ૨૬ (૦૧)**

બાવનગોળ રોહિત સમાજના બંધારણ ભંગના ગુનેગાર પાસેથી ગુના પેટે સમાજ વિકાસ ફાળો ના આપનાર અને આવો બાવનગોળ રોહિત સમાજનો ગુનેગાર નાસતો ફરે અને આવા બાવનગોળ રોહિત સમાજના ગુનેગારને કોઈ ગામ કે વ્યકિત તેને આશરો કે સહકાર આપશે તો ગામ કે વ્યકિત બાવનગોળ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજ વિકાસ ફાળા પેટે ગામ કે વ્યકિતગત રૂા. ૫૫૫૨/- (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો બાવન પુરા) સમાજ વિકાસ ફાળા પેટે આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૨૬ (૦૧)**

સદરહુ બાવનગોળ રોહિત સમાજના બંધારણની બાવનગોળ રોહિત સમાજના તમામ ગામોના રોહિત વસતી પંચે (પરગણાએ) બાવળગોળ રોહિત સમાજ વાડી, સિધ્ધપુર મુકામે સાથે મળી વંચાણે લઈ સમજી વિચારી સર્વાનુમતે બહાલી આપેલ હોઈ તેનો અમલ બાવનગોળ રોહિત સમાજના તમામ ગામોના તમામ રોહિત ભાઈઓએ બંધારણની ગરિમાને સમજી બાવનગોળ રોહિત સમાજને વફાદાર રહીને કરવાનો રહેશે.

બાવનગોળ રોહિત સમાજનું આ સુધારા/વધારા સાથેનું બંધારણ બાવનગોળ રોહિત સમાજનું કોઈ ગામ કે કોઈ વસ્તીપંચ કે કોઈ વ્યકિત અમલ નહિ કરે તો આવો ગુનેગાર બાવનગોળ સમાજનો ગુનેગાર ગણાશે. અને આવા ગુનેગાર ગામ/વ્યકિત કે વસતી પંચનું સભ્યપદ બાવનગોળ રોહિત સમાજમાંથી આપોઆપ રદ થયેલું ગણાશે.

**ઠરાવ નં. - ૨૭**

બાવનગોળ રોહિત સમાજમાં કોઈના ગરાસમાં કોઈએ બિનહકકે દખલગીરી કરવી નહિ. કોઈપણ પ્રકારની ખોટી દખલ કરશે તો આવુ કાર્ય કરનાર સમાજનો ગુનેગાર ગણાશે અને બાવનગોળ રોહિત સમાજમાં બન્નેની વાતો સાંભળ્યા બાદ સમાજે ગુણદોષ જોયા બાદ બન્ને પક્ષે સાંભાળી અને ગુણદોષ જોયા બાદ ગુનેગાર નકકી કરવાનો રહેશે. સમાજની દષ્ટિએ જે ગુનેગાર સાબિત થશે તેવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૨૮**

મશરૂની સોડ (કફન) નાખવું સદંતર બંધ છે. જો કોઈ મશરૂની સોડ (કફન) નાખી ઠરાવ નં. ૨૮નો ભંગ કરશે તો આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૨૯**

અન્ય પરગણામાં કન્યા લેવા-દેવાની છુટ છે. કન્યા ત્યાંનું બંધારણ પાળવાનું રહેશે. કન્યા જે ગોળ (પરગણા)ની હોય તે ગોળ (પરગણા)ના બંધારણ પ્રમાણેના કપડાં મુરતીયાએ પહેરીને જવાનું રહેશે. ઉપરોક્ત ઠરાવ નં. ૨૯ નો ભંગ કરનાર બાવનગોળ રોહિત સમાજનો ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

ભૂલ કરવું તે પાપ છે પણ તેને છુપાવવું તેનાથી મોટું પાપ છે.

**ઠરાવ નં. - ૩૦**

બાવનગોળ રોહિત સમાજમાં કોઈએ દીયરવટું કરવું કે કરાવવું નહિ જો કોઇ દિયરવટુ કરશે અથવા કરાવશે તો તે બન્ને બાવનગોળ રોહિત સમાજના ઠરાવ નં. ૩૦ ના ભંગ બદલ ગુનેગાર ગણાશે. આવા ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૫૫૫૨/– (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - ૩૧**

દર વર્ષે કારતક વદ–૦૫ (પાંચમ) ના દિવસે સિધ્ધપુર મુકામે બાવનગોળ રોહિત સમાજની વાડીમાં બાવનગોળ રોહિત સમાજના તમામ ગામોના રોહિત વસ્તી પંચ ભાઈઓએ આવી ભેગા થવાનું રહેશે. કાગળ લખવામાં નહિ આવે. બે પાંચમ હોય તો પ્રથમ પાંચમે આવવાનું રહેશે. અને કારતક વદ–૦૫ (પાંચમ) અને કારતક વદ–૦૬ (છઠ) એમ બે દિવસ બાવનગોળ રોહિત સમાજના તમામ ગામોના તમામ રોહિત વસ્તી પંચના ભાઈઓએ ૧૧–૦૦ કલાકે સમયસર બાવનગોળ રોહિત સમાજવાડીમાં અવશ્ય આવવાનું રાખવું. સમય થતાં એક કલાક બાદ ૧૨–૦૦ કલાકે સમય થતાં બાવનગોળ રોહિત સમાજના બંધારણને લગતા નીતિ નિયમો મુજબ દરેક ગામોને વ્યકિતગત પુછપરછ કરી ગુન્હાઓની ગુણદોષની ચકાસણી કરી બાવનગોળ રોહિત સમાજવાડી સિધ્ધપુર મુકામે જ તેનો નિકાલ કરવામાં આવશે.

બાવનગોળ રોહિત સમાજના દરેક ગામના રોહિત વસ્તી પંચના દરેક સભ્યને બાવનગોળ રોહિત સમાજમાં પોતાની સમજ મુજબ દરેક પ્રકારની મર્યાદામાં રહીને પોતાના પ્રશ્નો કે કોઈપણ બાબત શિસ્ત બધ્ધ ઉભા થઈને રજુઆત કરી શકાશે. અને બાવનગોળ રોહિત સમાજે તમામ પ્રશ્નો કે રજુઆતો સાંભળી ધ્યાને લઈ સર્વાનુમત્તે તેનું સમાધાન (નિરાકરણ) આપવાનું રહેશે.

**ઠરાવ નં. - ૩૨**

બાવનગોળ રોહિત સમાજ વાડીમાં સિધ્ધપુર મુકામે જયારે આપણો બાવનગોળ રોહિત સમાજ ભેગો થયેલ હોય અને દરેક બાબતની ચર્ચા ચાલતી હોય ત્યારે કોઈએ અપશબ્દો બોલવા નહી. દરેકે સામુહિક કે વ્યકિતગત રજુઆત ઉભા થઈને કરવાની છુટ છે. બાવનગોળ રોહિત જયારે જયારે ભેગો થાય ત્યારે કોઈએ વ્યસન કરીને આવવું નહીં.

ટોળાશાહીમાં બેસી અન્ય ચર્ચાઓ ના કરતાં આપણા બાવનગોળ રોહિત સમાજના વિકાસ અને આપણા મહામુલા ધન સમાન આપણા બાળકોના ભાવિ વિકાસ માટે શિક્ષણના હેતુસરની ચર્ચાઓ કરવાનું રાખવું.

ઉઠો આળસને ખંખેરી નાખો, જીંદગીની પળો આ રીતે બરબાદ ન કરો,
કબરમાં ઉંઘવા માટે પછી ઘણો સમય મળી શકશે.

ઉપરોક્ત ઠરાવ નં. ૩૨ નો ભંગ કરનાર ગુનેગારે સમાજને સમાજ વિકાસ ફાળા પેટે રૂા. ૧૫૫૨/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો બાવન પુરા) આપવાના રહેશે.

**ઠરાવ નં. - 33**

બાવનગોળ રોહિત સમાજના બંધારણના ઠરાવ નં. ૧ થી ૩૨ ના સુધારા/વધારા સાથેના બંધારણ સિવાયનો કોઈપણ પ્રકારનો ગુન્હો બાવનગોળ રોહિત સમાજનું કોઈપણ ગામ કે વ્યકિત કરશે તો ગુન્હો કરનાર ગામ કે વ્યકિતના ગુન્હાના ગુણદોષની બાવનગોળ રોહિત સમાજવાડી, સિધ્ધપુર મુકામે બાવનગોળ રોહિત સમાજની હાજરીમાં ચકાસણી કરશે બાવનગોળ રોહિત સમાજને યોગ્ય લાગશે તેવો સમાજ વિકાસ ફાળો ગુનેગાર તરફથી લેવામાં આવશે. જે આપણે સૌને બંધનકર્તા રહેશે.

ઉપરોક્ત બાવનગોળ રોહિત સમાજનું સુધારા વધારા સાથેનું સચોટ બંધારણ બાવનગોળ રોહિત સમાજના તમામ ગામોના રોહિત વસ્તી પંચોની હાજરીમાં વાંચી, સંભળાવી દરેક ઠરાવ સમજાવી યોગ્ય અને સમાજના હિતમાં હોઈ, સર્વ સંમતિથી વફાદારીપૂર્વક અમલ કરવા બંધાઈને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ છે.

**સર્વહક્ક :- બાવનગોળ રોહિત સમાજને સ્વાધીન રહેશે.**

- બધી કલાઓમાં જીવન જીવવાની કલા શ્રેષ્ઠ છે સારી રીતે જીવી જાણો તે જ સાચો કલાકાર છે.
- જેમ ઘી વગર દીવો પ્રગટતો નથી તેમ ઈશ્વર પ્રાર્થના વગર મનુષ્ય જીવી શકતો નથી.
- જલથી શરીર શુધ્ધ થાય છે, મન સત્ય બોલવાથી તથા સત્ય આચરણ કરવાથી શુધ્ધ થાય છે.
- જગતમાં કોઈ કોઈને સુધારી શકતું નથી, પણ જેવા છે તેવાનો સ્વીકાર કરી તમે તેને જાતે જ બદલાવની પ્રેરણા આપો.
- ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવું માનભર્યું છે.
- સુખ અને દુઃખ એ મનની સ્થિતિ છે.
- ક્રોધ એ શકિત નથી પણ શકિતનો બગાડ છે.
- સહુથી સુંદર હાસ્ય એનું જ જે છેવટ સુધી હસતો રહે.
- ગુસ્સો મસ્તકના દિવાને ઓલવી નાખે છે.